ભાતભાતકે લોગ
feedback@ bombaysamachar.com
જવલંત નાયક

# કેવી કેવી ચીજો 'પોસ્ટ' થઇ શકે, એ બાબતે વિચાર્યું છે કદી?!

હવે પોસ્ટનો ઉપયોગ ઓછો થતો જાય છે. કદાચ આવનારા થોડા વર્ષો બાદ ટપાલ મોકલવાનું ચલન સમૂળગું રદ થઇ જાય એમ પણ બને! પણ એક જમાનો હતો જ્યારે દરેક પ્રકારના માલસામાનની હેરફેર માટે લોકોએ ટપાલખાતા પર નિર્ભર રહેવું પડતું. એ સમયે અમેરિકાનું ટપાલખાતું બહુ કાર્યક્ષમ ગણાતું. (આજેય ગણાય છે.) જુના જમાનામાં લોકો ટપાલ મારફતે શું શું મોકલતા, એ જાણવું રસપ્રદ થઇ પડશે.

## ધી હોપ ડાયમંડ



જે લોકો ઝવેરાત-દાગીના અને રત્નોમાં રસ ધરાવે છે, 'તેઓ હોપ ડાયમંડ'ના નામથી વાકેફ છે. તે વિશ્વનો એક એવો દુર્લભ અને અતિશય કિંમતી હીરો છે, જે છેલ્લા ચાર-ચાર સૈકાઓથી પ્રસિદ્ધ અને ચર્ચાસ્પદ છે!

હોપ ડાયમંડ આ ચાર સદીઓ દરમિયાન એક હાથમાંથી બીજામાં ફરતો રહ્યો છે. મોટા કદનો આ ભૂરો હીરો ૪૫.૫૨ કેરેટ વજન ધરાવે છે. હવે વિચારો કે આવો કિમતી હીરો એક સ્થળેથી બીજા સ્થળે લઇ જવો હોય તો તમે એની સુરક્ષા માટે કેટકેટલી તૈયારીઓ કરો?!

હોપ ડાયમંડ વર્ષોથી યુએસ ગવર્મેન્ટ દ્વારા સંચાલિત સ્મિથસોનિયન ઇન્સ્ટિટ્યૂટમાં રાખવામાં આવ્યો છે. એ પહેલા અનેક ખાનગી માલિકોના હાથમાં ફરતો રહ્યો. સ્મિથસોનિયન ઇન્સ્ટિટ્યૂટમાં આવવા પહેલા એની અંતિમ ખાનગી માલિકી એવલીન વોલ્શ મેકલિન પાસે હતી. એવલીન પોતાના પાલતું કૂતરાના ગાળામાં આ ડાયમંડ લટકાવી રાખતી! એક વાર તો એણે હોસ્પિટલમાં પડેલા ઘાયલ સૈનિકોને 'રમવા' માટે હોપ ડાયમંડ આપેલો. નજીક નજીકના બેડ પર સૂતેલા સૈનિકો એકબીજા તરફ ડાયમંડનો ઘા કરે અને કેચ પકડે, એનાથી એ ઘાયલ સૈનિકોનું મોરલ બુસ્ટ થશે, એવું મેડમ મેકલિનનું માનવું હતું! ખેર, મૂળ વાત ડાયમંડના ટ્રાન્સપોર્ટેશનની છે. ૧૯૪૭માં એવલીન મેકલિનનું મૃત્યુ થયું. એ પછી એના વારસદારોએ શાપિત ગણાયેલો હોપ ડાયમંડ રત્નોના વેપારી હેરી વિન્સ્ટનને વેચી દીધો. દસેક વર્ષ પછી હેરીએ આ હીરો સ્મિથસોનિયન મ્યુઝિયમને ડોનેટ કરી દેવાનું નક્કી કર્યું. જેના પર લાખો લોકોની નજર ચોંટેલી હોય એવા અતિશય કિંમતી છતાં શાપિત ગણાવાયેલા હીરાને મ્યુઝિયમ સુધી પહોંચાડવો કઈ રીતે? હેરીએ સુરક્ષા પાછળ હજારો ડોલર્સ ખર્ચ કરવાને બદલે માત્ર ૨.૪૪ ડોલર્સનો નજીવો ખર્ચ કરીને હીરો પોસ્ટમાં મોકલવાનું નક્કી કર્યું! જ્યારે જેમ્સ ટોડ નામનો ટપાલી પેકેટમાં વીંટાળેલો અતિશય કિંમતી હોપ ડાયમંડ લઈને સ્મિથસોનિયન મ્યુઝિયમ પહોંચ્યો ત્યારે એ ક્ષણને ઝડપી લેવા માટે સંખ્યાબંધ પત્રકારો કેમેરાની ચાંપ પર આંગળી મૂકીને રાહ જોતા ઊભા હતા!

## હેન્રી 'બોક્સ' બ્રાઉન

હેન્રી બ્રાઉન ઇસ ૧૮૧૫માં વર્જિનીયામાં જન્મેલો એક કાળો ગુલામ હતો. એ પોતાની સાથે જ કામ કરતી એક ગુલામ છોકરીને પરણ્યો. એ બંનેને ત્રણ સંતાનો થયા. પરંતુ એ લોકોના માલિકને કોણ જાણે શું કુમતિ સૂઝી, તે એણે હેન્રીની પત્ની અને સંતાનોને કોઈ અન્ય ક્રૂર વ્યક્તિને વેચી દીધા! પોતાના પત્ની અને બાળકોને દોરડા વડે બાંધીને રસ્તા વચ્ચેથી લઇ જવાતા હતા, એ કરુણ દ્રશ્ય હેન્રી લાચાર બનીને જોઈ રહ્યો! એ લાચાર હતો, પણ વિચારશીલ હતો. પોતાની આવી દુઃખદ પરિસ્થિતિ પોતાની ગુલામીને કારણે છે, એ વાત એ સમજી ચૂક્યો હતો. એ સમયે ચાલતી એન્ટી-સ્લેવરી ચળવળ સાથે પણ એ જોડાયેલો હતો. એણે પત્ની અને બાળકો ગુમાવ્યા એ પછી નક્કી કરી લીધું, કે બસ... બહુ થયું! હવે જાનના જોખમે ગુલામીની બેડીઓ તોડીને પણ ભાગી છૂટવું છે. આ માટે એણે એક અફલાતૂન છતાં ફિલ્મી લાગે એવો પ્લાન અમલમાં મૂક્યો.

ગુલામોને આમ તો કદી રજા અપાતી નહિ. પરંતુ ઇજા થાય કે માંદગી આવે ત્યારે એમને



RESURRECTION OF HENRY BOX BROWN, AT PHILADELPHIA

કામ કરવામાંથી મુકિત આપવામાં આવતી. હેન્રીએ એક વાર જાણી જોઈએને પોતાના હાથમાં ઇજા કરી. આથી એને એક દિવસ પૂરતી રજા આપવામાં આવી. આ મોકાનો ફાયદો ઉઠાવીને એ નાસી છૂટ્યો અને પોસ્ટમાં મોકલનારા ડ્રાય ગુડ્સના એક ડબ્બામાં ચોરીછૂપીથી બેસી ગયો! આ બોક્સ ૩ ફીટ લાંબુ, ૨ ફીટ પહોળું અને માત્ર ૨.૭ ફીટ ઊંડું હતું. હેન્રી માંડ માંડ ટૂંટિયું વાળીને એમાં બેઠો. મુસાફરી દરમિયાન ભૂખ અને તરસ લાગે એ માટે એના મદદગાર મિત્રોએ બોક્સમાં થોડા બિસ્કીટ્સ અને થોડું અમસ્તું પાણી મૂક્યા હતા. ત્યાર પછી શરુ થઇ પેલા બોક્સની મુસાફરી. પોસ્ટ ખાતા દ્વારા મોકલાતા આવા પાર્સલ્સ રેલ્વે અને પછી સ્ટીમબોટમાં સ્થળાંતરિત થતા. હેન્રી જેમાં છુપાયો હતો, એ બોક્સ પણ પહેલા રેલ્વે અને પછી સ્ટીમ બોટ, એમ કુલ ૨૭ કલાકની અવિરત મુસાફરી કરીને પોતાના ગંતવ્ય સ્થાને પહોંચ્યું. એન્ટી સ્લેવરી મૂવમેન્ટ સાથે જોડાયેલા કેટલાક લોકોને ખબર હતી કે આ રીતે એક ગુલામ વર્જિનીયાથી 'પોસ્ટ' થઈને આવી રહ્યો છે! આથી તેઓ બોક્સની 'ડિલીવરી' લેવા માટે પહેલેથી જ સ્થળ પર પહોંચી ગયેલા. જેવું પેલું બોક્સ ખૂલ્યું કે તરત આઝાદ આબોહવામાં શ્વાસ ભરતો હેન્રી બહાર ડોકાયો અને બોલ્યો, 'હાઉ ડુ યુ ડુ જેન્ટલમેન?!

હેન્રીએ જે રીતે નાના અમથા બોક્સમાં પુરાઈને લાંબી મુસાફરી ખેડી, એવું જોખમ લેવા ભાગ્યે જ કોઈ તૈયાર થાય. પણ ગુલામીની બેડી તોડવા ગમે એ હદે જવા તૈયાર



થયેલો માણસ આ રીતે પોસ્ટ' થવાનું પસંદ કરે, એમાં શું નવાઈ?!

## પોસ્ટ ખાતાની 'પરીક્ષા'

ઘણા લોકોને એવી ટેવ હોય છે કે તેઓ સરકારી તંત્ર બરાબર કામ કરે છે કે નહિ, એની પરીક્ષા લેતા રહે છે! આ લોકો ક્યારેક ખરેખર ગજબની 'પરીક્ષા' લઇ નાખતા હોય છે. કેટલાક સંશોધકોનું એક જૂથ આવા અળવીતરા રિસર્ચ કરતું હતું. એમના આવા રિસર્ચ અક્ષક્ષફહત જ્ઞર ઈળાજ્ઞિબફબહય છ્બ-તયફભિવ નામની જર્નલમાં પ્રકાશિત થતા. આ જર્નલનો હેતુ આવા અવનવા રિસર્ચ દ્વારા લોકોને હસાવવાનો અને ક્યારેક વિચારપ્રેરક માહિતી પૂરી પાડવાનો રહેતો. આ સંશોધક જૂથે એકવાર અમેરિકન પોસ્ટ ખાતાની પરીક્ષા લેવાનું નક્કી કર્યું. આ માટે એમણે કેટલાક 'ખાસ' પદાર્થોને જુદી જુદી કેટેગરીમાં વિભાજિત કરીને પોસ્ટ કરવાનું નક્કી કર્યું. આ ખાસ' પદાર્થો એટલે દરિયાઈ શેવાળ, મરેલી માછલીનું બોક્સ, હવા ભરેલો ફુગ્ગો વગેરે! આ બધી આઇટમ્સના પોસ્ટિંગનો સમય અને ડિલિવરીનો સમય રેકોર્ડ કરવાનો હતો. સંશોધકો જાણવા માંગતા હતા કે સાવ વાહિયાત વસ્તુઓના ટ્રાન્સપોર્ટેશન માટેય પોસ્ટ ખાતું કેટલું ગંભીરતાપૂર્વક કામ કરી શકે છે! અભ્યાસને અંતે માલમ પડ્યું કે અમેરિકન પોસ્ટ ખાતું ખાસ્સું સહિષ્ણુ છે. સંશોધકોએ પોસ્ટ કરેલી તમામ વાહિયાત વસ્તુઓને સમયસર ગંતવ્ય સ્થાને ડિલિવર કરી દેવામાં આવેલી. અળવીતરા સંશોધકોએ એક તૂટેલો દાંત પણ પ્લાસ્ટિકના ટ્રાન્સપરન્ટ બોક્સમાં મૂકીને પોસ્ટ કર્યો! કોઈને પણ આસાનીથી દેખાય એવો આ દાંત પણ રિજેક્ટ કરવાને બદલે વ્યવસ્થિત રીતે અપારદર્શક કાગળમાં વીંટાળીને ગંતવ્ય સ્થાન સુધી પહોંચાડી દેવાયો! ઉલટાનું પોસ્ટ ખાતાના અધિકારીઓએ દાંતના ડબ્બા સાથે ખાસ નોંધ પણ લખીને ચિપકાવી, 'સામાન્ય રીતે માનવીના અંગો આ રીતે પોસ્ટમાં મોકલી શકાતા નથી, પરંતુ બની શકે કે આ દાંત તમારે માટે ઉંચી ઈમોશનલ વેલ્યૂ ધરાવતો હોય, એટલે તમારા કેસમાં નિયમો બાજુએ મૂકીને અમે આ તૂટેલો દાંત ડિલિવર કરી રહ્યા છીએ!'

હવે જરા વિચારો, કોઈ આપણા ભારતીય પોસ્ટ ખાતાની કાર્યક્ષમતા ચકાસવા માટે આવી ચીજો મોકલાવે તો સંશોધનનું રિઝલ્ટ શું આવે?!

## અરે યાર, સાવ આવું?!

અમુક લોકો એવા તુક્કા લાવતા હોય છે કે એમને કહેવાનું મન થઇ જાય, 'શું યાર... સાવ આવું કરવાનું?' પેલા બિચારા હેન્રીની તો મજબૂરી હતી કે એણે નાના અમથા બોક્સમાં પુરાઈને પોસ્ટ થવું પડ્યું. પણ કેટલાક લોકો તો માત્ર પૈસા બચાવવા આવું કરી ગયા! ૧૯૧૩માં અમેરિકન પોસ્ટલ સર્વિસ દ્વારા પેકેજ ડિલિવરી શરૂ કરવામાં આવી, એ સાથે જ માલસામાન મોકલવા બાબતે જાણે ક્રાંતિ આવી ગઈ. દરેક પોસ્ટ ઓફિસ પરથી પાંચ કિલોગ્રામ કરતા ઓછા વજનનો સામાન પોસ્ટ કરી શકાય, એવી વ્યવસ્થા કરવામાં આવી હતી. આ સર્વિસ ચાલુ થઇ એ જ વર્ષે ઓહાયોના એક કપલ મિસ્ટર એન્ડ મિસિસ જેસી બીજે પોતાના પાંચ કિલોગ્રામ કરતા સહેજ ઓછું વજન ધરાવતા બાળકને માત્ર ૧૫ સેન્ટનો નજીવો ચાર્જ ભરીને એની દાદીમાના ઘરે 'પોસ્ટ' કરી દીધું! તમને લાગશે કે આવા માં-બાપ સાવ કેરલેસ ગણાય, પોસ્ટમાં સામાનના બોક્સ વચ્ચે મુસાફરી કરટા બાળકને ઇજા થાય તો? જો કે મિ એન્ડ મિસિસ બીજ કંઈ એવા કેરલેસ નહોતા, બાળકને થનારા સંભવિત નુકસાનથી બચવા માટે એમણે પહેલેથી જ ૫૦ ડોલરનો વીમો ઉતારી લીધેલો, બોલો!

સમય જતાં પોસ્ટ ખાતાની કાર્યક્ષમતા વધી અને ૨૩ કિલોગ્રામ સુધીનું વજન ધરાવતા પાર્સલ્સની ડિલિવરી શરૂ કરવામાં આવી. ત્યારે મિ. એન્ડ મિસિસ બીજ જેવી જ 'હોંશિયારી' મેં પીઅરસ્ટ્રોફના મા-બાપે કરી! મિ. એન્ડ મિસિસ પીઅરસ્ટ્રોફને લાગ્યું કે નાનકડી મેને દાદીમાના ઘરે મોકલવા માટે ટ્રેનની ટિકિટ તો બહુ મોંઘી પડી જાય ભઈસા'બ! એના કરતા ૨૨ કિલોગ્રામની મેને પોસ્ટ કરી દઈએ તો સસ્તું પડે! બસ ફિર ક્યા થા, પીઅરસ્ટ્રોફ દંપતીએ પોતાની પાંચ વર્ષની દીકરીને દાદીમાના ઘરના એડ્રેસ પર 'પોસ્ટ' કરી દીધી! જો કે આ દંપતીનો હિસાબ બહુ ચોખ્ખો, એ લોકો મેના કોટ ઉપર એના વજન મુજબની ટપાલ ટિકિટ ચોંટાડવાનું ભૂલ્યા નહોતા!

આ બનાવો બાદ ઇસ ૧૯૧૪માં પોસ્ટમાસ્ટર જનરલે જાહેર કરવું પડ્યું, કે ''હવેથી કોઈ પણ પ્રકારના મનુષ્યો 'પોસ્ટ' કરવામાં આવશે નહિ!'' ■

મસ્તરામની મસ્તી
feedback@ bombaysamachar.com
મિલન ત્રિવેદી

# હું કોણ છું ખબર છે?



આજ કાલ ખભ્ભે ખેસનો પાવર બહુ જોવા મળે છે. જેને જોવો તે તંગ ચહેરા સાથે ફરે છે. અમુકને તો બોલાવ્યા થતા નથી. ઘરે સચવાતા ન હોય એવા ને બજારમાં રમતા મૂકી દીધા હોય છે. પોતાની શાંતિ માટે થઈને ગામની પથારી ફેરવે. હાલતા જાતા કૂતરાની પૂંછડી આમળે અને જો તમે ટપારો તો પહેલું વાક્ય કાઢે,' 'મને ઓળખશ હું કોણ છું?' બોલો બાઝવું જ છે. કાં બાઝ અને કાં બાઝવાવાળો દે.

લોકોને દુઃખે છે પેટ અને કૂટે છે માથુ. નડતી હોય મોંઘવારી અને પાણો કૂતરાને મારે. એક તેલનો ડબ્બો લીધો હોય તો આખો દિવસ છોકરાવને વઢે રાખશે. ગેસનું સિલિન્ડર આવે તે દિવસ આપણે ફોન કરીએ તો વિરોધ પક્ષની જેમ વરસી પડે. પીધેલો પહેલવાન સ્કૂટર સાથે ભટકાય અને તેનું કાંઈ બગાડી ન શકવાનો ગુસ્સો શેરીમાં રમતાં નાના ભૂલકાઓ પર નીકળે.

ઘણા લોકોને અમસ્તે અમસ્તો સીન નાખવાની આદત હોય છે. એક હકીકતમાં બનેલો કિસ્સો તમારી સાથે શેર કરું

અમે ત્રણ ચાર મિત્રો ગાડી લઈને બહારગામ જતા હતા. હાઈવે પર થોડો ટ્રાફિક જામ થયેલો જોયો એટલે સામાન્ય માણસની જેમ જ અમે પણ થોડો સમય પોં.. પું.. હોર્ન વગાડ્યા. પછી નીચે ઉતરી અને જોયું તો બે વાહનવાળા ઝઘડતા હતા.સો અગત્યના કામ પડતા મૂકી અને લોકોને ઝઘડો જોવાની ખૂબ મજા આવે. અમે પણ એ જ કેટેગરીમાં આવીએ છીએ. મારી સાથે ચુનીયો ગુંદાના ઠળિયાની જેમ ચોટેલો જ હોય. તેણે જોયું કે ઝગડવાવાળા થોડા સોફિસ્ટિકેટેડ અને દુબળા છે એટલે મને કહે 'તમે ખાલી મને સાહેબ સાહેબ કરજો' બાકીનું હું સંભાળી લઈશ'. હું કશું બોલું તે પહેલાં તો બંનેની વચ્ચે પહોંચી અને બંનેને એક એક થપ્પડ મારી ગુસ્સો કરવા લાગ્યો. મારી સામું જોયું મેં તરત જ વચ્ચે પડી અને ચુનિયાને કહ્યું 'સાહેબ રહેવા ઘો હવે એવું નહીં થાય'. વાને કાળો પણ થોડો મજબૂત કાઠીનો એટલે ચુનીયો સાહેબ તો લાગે. અને પાછું મેં પણ વજનપૂર્વક 'સાહેબ' કહેલું સરવાળે બંને પાર્ટી પણ અચાનક આવી પડેલી સાહેબની થપ્પડથી ડઘાઈ અને પોતાની ગાડીમાં બેસી ગઈ અને ટ્રાફિક ક્લિયર થયો.

આજ કાલ પોલિટિકલ પાર્ટીના કાર્યકરો જાણે એર કંપ્રેસરના વાલ પર બેઠા હોય તેવી હાલતમાં હોય છે. જે નેતાના જોરે કૂદતા હોય છે અને સોશિયલ મીડિયામાં તે નેતાનો પક્ષ લઈ અને સારા માણસ સાથે પણ એના બાપુજી ને ગાળો દીધી હોય તેમ બાજી લે,જીવનભર સામું જોયાના સંબંધ ના રહે એવી હાલત થાય ત્યાં સુધી ઝઘડી લે અને એક સવારે છાપુ ઉઘાડે ત્યારે સમાચાર જાણવા મળે કે તેના નેતા સામેના પક્ષમાં જોડાઈ ગયા છે. નેતાએ તો થૂકેલું ચાટવાનું હોય પણ સાથે આવા કાર્યકરો પણ થૂંકેનુ ચાટવા મજબૂર થતા હોય છે. પણ તોય કહેશે હું કોણ છું ખબર છે?

અમુક લોકો તો સવારમાં બજારમાં બાજવા માટે જ નીકળે છે. અમસ્તે અમસ્તા કતરાતા જાતા હોય. અમુક વોટસએપ પરની પ્રજાતિઓને જ્યાં સુધી મોઢામાંથી ઝેર ન ઓકે ત્યાં સુધી મજા જ ન આવે.

એક દરેકના ઘરમાં બનેલો કિસ્સો તમને જણાવું. અમારા દીલા ના દીકરાએ તો હદ કરેલી. તેને ત્યાં એક વડીલ મહેમાન મિત્રના બનેલા. ઘણા વડીલોને તેવી આદત હોય છે કે તે ઘરધણી સાથે ગાઢ સંબંધ ધરાવે છે, જૂના સંબંધ ધરાવે છે તેવું સાબિત કરવા માટે છોકરાઓને પૂછે છે 'તું મને ઓળખે છે' આ પ્રશ્ન પૂછવા પાછળ ઘરધણીએ તેના દીકરાને પોતાની ઓળખાણ આપી છે કે નહીં તે જાણવાનો આશય હોય છે.અને જો વ્યવસ્થિત ઓળખાણ ન આપી હોય તો તે બહાને ઘરધણીને ખખડાવી શકાય. વડીલે દિલાના દિકરાને ખોળામાં બેસાડી અને પૂછી લીધું તને ખબર છે હું કોણ છું તરત જ દીકરાએ ભોળાભાવે કહ્યું કે હા મારા પપ્પા કહેતા હતા કે એક દોઢડાયા મહેમાન આવવાના છે. જલ્દીથી ચા પાઈ અને રવાના કરવાના છે. વડીલ ચા પીધા વગર નીકળી ગયા. દીલાએ વાત વાળવાની ઘણી કોશિશ કરી પરંતુ દીકરાએ ધારદાર રજૂઆત કરી હતી.એટલે પ્રયત્નો વ્યર્થ ગયા.

પોતાની જાતને જે ઓળખી ગયા હોય તે બીજાને ક્યારેય પુછતા નથી કે 'હું કોણ છું તને ખબર છે'? ■

**વિચારવાયુઃ** વ્યક્તિ ઈચ્છતો હોય છે કે લોકો તેને ઓળખે અને એ પણ ઈચ્છતો હોય છે કે કોઈ ઓળખી ન જાય.

---

## ફન વર્લ્ડ

'મુંબઇ સમાચાર'એ શરૂ કરેલા જ્ઞાન સાથે ગમ્મત આપતા ફનવર્લ્ડને વાચકોએ ઉમળકાભેર પ્રતિસાદ આપ્યો છે. તમારા ઉમંગ અને ઉત્સાહથી પ્રેરાઈને શરૂ કરેલા આ નવા ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે.

પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

**વાચકોએ તેમના જવાબ ઇ-મેઇલથી બુધવાર સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નીચે જણાવેલા મેઈલ પર મોકલવાના રહેશે.**

funworld@bombaysamachar.com

### જોડી જમાવો

શહેર અને એરપોર્ટનાં નામ

| A | B |
|---|---|
| શ્રીનગર | નેતાજી સુભાષચંદ્ર બોઝ ઇન્ટરનેશનલ એરપોર્ટ |
| કોલકાતા | શ્રી ગુરુ રામદાસજી ઇન્ટરનેશનલ એરપોર્ટ |
| લખનઉ | શેખ-ઉલ-આલમ ઇન્ટરનેશનલ એરપોર્ટ |
| હૈદરાબાદ | ચૌધરી ચરણસિંહ ઇન્ટરનેશનલ એરપોર્ટ |
| અમૃતસર | રાજીવ ગાંધી ઇન્ટરનેશનલ એરપોર્ટ |

### ઓળખાણ પડી?



વર્ષ ૧૯૭૭માં ઇંદિરા ગાંધીના હસ્તે ઉદ્ઘાટન થયેલા, અંતરિક્ષ અને વિજ્ઞાન ક્ષેત્રમાં રસ ધરાવનારા લોકોને શિક્ષણ પૂરું પાડીને પ્રોત્સાહન આપનારા આ કેન્દ્રની ઓળખાણ પડી? મુંબઈમાં આવેલું આ સેન્ટર ૨,૦૦૦ ચોરસફૂટની જમીન પર ફેલાયેલું છે, તેમાં પ્લેનેટેરિયમ, આર્ટ ગેલેરી, થિયેટર જેવી સુવિધાની વ્યવસ્થા કરવામાં આવી છે.

### હસી લઈએ

શાકવાળોઃ મેડમ, તમે ઇંગ્લિશ મીડિયમમાં ભણેલાં છો કે?
ભૂરીઃ હા, પણ તમને કેમ ખબર પડી?
શાકવાળોઃ તમે ટમેટાંની ઉપર બટેટા નાખી રહ્યાં છો એટલે.

### પકડદાવ

આપેલા શબ્દોમાંથી એક એક અક્ષર જોડીને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઇન્ટરનેશનલ એરપોર્ટ કયા શહેરમાં આવેલું છે તે જણાવો.

નારંગી, ગહન, પુત્રી, રમણ

### આડાઅવળા સીધા કરો

ચેન્નઇ સુપરકિંગ્સના ખેલાડી (૧) અં તી બા ડુ રા ય (૨) ક દી પ ર ચ હ (૩) ચે ર તે શ્વ રા પુ જા (૪) તુ ઋ જ રા ય ગા વા ક ડ (૫) શા ઠા ર્દૂ લ ર કુ

### ગીત ગાતા ચલ

ઐ દુનિયા તુજ કો સલામ, તૂને મેરા નામ ભૂલા દિયા થા... મિથુન ચક્રવર્તી પર ફિલ્માવેલું આ ગીત કોણે લખ્યું છે?

### ગયા શુક્રવારના જવાબ

★ ઓળખાણ પડી?: વેલી ઓફ ફ્લાવર્સ
★ પકડદાવઃ સિદ્ધાર્થ શુક્લા
★ ગીત ગાતા ચલઃ સાજિદ-વાજિદ

★ આડાઅવળા સીધા કરોઃ
૧. અવનિ
૨. ભોમકા
૩. ધારિણી
૪. વસુંધરા
૫. રત્નગર્ભા

જોડી જમાવોઃ

| | |
|---|---|
| ૧. આર્દ્ર | શુષ્ક |
| ૨. સ્વાદિષ્ટ | બેસ્વાદ |
| ૩. શુક્લપક્ષ | કૃષ્ણપક્ષ |
| ૪. યાચક | દાતા |
| ૫. મુદ્રિત | હસ્તલિખિત |

### ગયા વખતનો ઉકેલ



## શબ્દલાલિત્ય સતીશ વ્યાસ



**આડી ચાવી**
૧. હમણાં શું ખબર છે? હાલ (૪)
૪. અફઘાનિસ્તાનનું એક શહેર (૩)
૭. ઉંમર (૨)
૮. રક્ષણનું કામ કરતા (૩)
૧૦. ધૂળ, દટાયેલું, ઝેર (૩)
૧૨. ઓડકાર (૩)
૧૪. બીજ, હેતુ, ઉદ્દેશ, જરૂર સાધન (૩)
૧૫. એક મહિનો (૨)
૧૬. ગળું સૂકાય છે (૩)
૧૮. દે દામોદર --- માં પાણી (૨)
૧૯. --- સલાક એટલે મજબૂત (૩)
૨૧. પવન, સમીર (૩)
૨૨. જુલમ, જબરદસ્તી, પીડા (૨)
૨૪. વસંતઋતુનું વર્ણન કરતું કાવ્ય (૨)
૨૫. ખરાબ પુત્ર (૪)
૨૭. શંકર વગાડે (૩)
૨૮. ફાયદો (૨)
૨૯. લગ્નમાં ઘોડી નાચે (૪)
૩૦. દૂધની ઉપર તરે (૨)
૩૨. પન્નાલાલ પટેલની લઘુનવલ (૪)
૩૩. અફઘાનિસ્તાનના નવા રાજકર્તા (૪)

**ઊભી ચાવી**
૧. કાબેલિયત, હોંશિયારી (૪)
૨. જય હો (૪)
૩. લાખ (૨)
૪. ડરપોક, નબળો (૩)
૫. સુધી (૨)
૬. ગાંધારીનું પિયર (૪)
૯. ભૂત, વર્તમાન અને ભવિષ્ય (૩)
૧૧. એક પીણું (૨)
૧૩. મજા પડે એવું (૫)
૧૭. ઘાસ (૨)
૨૦. એક જાણીતા ગઝલકાર (૩)
૨૧. ગુજરાતી નવલકથા પરથી ફિલ્મ બની (૫)
૨૨. જીવની જેમ સાચવો (૩)
૨૩. છૂટું, મુક્ત, નવરું (૩)
૨૪અ. ગુરુવંદના કરતું ગુજરાતી નાટક (૪)
૨૬. મહેમાનો માટે પાથરો (૪)
૩૦. અંધકાર (૨)
૩૧. મથુરાના ખૂબ પ્રખ્યાત (૨)

### સુડોકુ-૪૨૦૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૮ | | ૬ | | | |
| ૭ | | ૬ | | | | ૯ | | |
| | ૪ | ૧ | | | | ૫ | ૭ | |
| | ૭ | | ૬ | ૨ | | | ૪ | |
| | | ૮ | | | | ૩ | | |
| | ૧ | | | ૩ | ૫ | | ૯ | |
| | ૩ | ૭ | | | | ૪ | ૬ | |
| | | ૪ | | | | ૭ | | ૧ |
| | | | ૨ | | ૭ | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૪૨૦૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૯ | ૮ | ૨ | ૬ | ૭ | ૩ | ૪ | ૧ |
| ૨ | ૧ | ૭ | ૩ | ૯ | ૪ | ૮ | ૬ | ૫ |
| ૬ | ૩ | ૪ | ૫ | ૧ | ૮ | ૨ | ૯ | ૭ |
| ૩ | ૭ | ૬ | ૪ | ૨ | ૧ | ૯ | ૫ | ૮ |
| ૯ | ૮ | ૧ | ૬ | ૫ | ૩ | ૭ | ૨ | ૪ |
| ૪ | ૨ | ૫ | ૮ | ૭ | ૯ | ૬ | ૧ | ૩ |
| ૮ | ૪ | ૨ | ૧ | ૩ | ૬ | ૫ | ૭ | ૯ |
| ૧ | ૬ | ૯ | ૭ | ૮ | ૫ | ૪ | ૩ | ૨ |
| ૭ | ૫ | ૩ | ૯ | ૪ | ૨ | ૧ | ૮ | ૬ |

**ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.**

(૧) મૂળરાજ કપૂર (૨) સુરેખા દેસાઈ (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) રસીક જુઠાણી - ટોરોંટો - કેનેડા (૫) શ્રદ્ધા આશર (૬) સુભાષ મોમાયા (૭) ભારતી બુચ (૮) પ્રજ્ઞા પુરોહિત (૯) પ્રમોદ પુરોહિત (૧૦) લજીતા ખોના (૧૧) વિભા મહેશ્વરી (૧૨) કલ્પના આશર (૧૩) જ્યોતી ખાંડવાલા (૧૪) હર્ષા મહેતા (૧૫) મહેશ દોશી (૧૬) પુષ્પા ખોના (૧૭) મીનળ કાપડીયા (૧૮) નીતિન જે. બજરીયા (૧૯) રમેશચંદ્ર દલાલ (૨૦) હિના દલાલ (૨૧) ઈનાક્ષી દલાલ (૨૨) કુંવરજી અમલ (૨૩) રજનીકાંત પટવા (૨૪) સુનીતા પટવા (૨૫) ભાવના કર્વે (૨૬) દેવેન્દ્ર સંપટ (૨૭) વિણા સંપટ (૨૮) દિલીપ પરીખ (૨૯) તાહેર ઔરંગાબાદવાલા (૩૦) શીરીન ઔરંગાબાદવાલા (૩૧) ઝુબેદા યુસુફ નીમચવાલા (૩૨) ડૉ. પ્રકાશ કટકીયા (૩૩) ભારતી કટકીયા (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) અશોક સંઘવી (૩૬) ખુશરૂ કાપડીયા (૩૭) હરીશ સુતરીયા (૩૮) મહેન્દ્ર લોઢાવીયા (૩૯) રંજન લોઢાવીયા (૪૦) પ્રવીણ વોરા (૪૧) નિખીલ બંગાળી (૪૨) રાજુ ભ્રદ્રેશ પટેલ (૪૩) ભાવના કર્વે (૪૪) અંજુ ટોલીયા (૪૫) પુખ્ખા ખોના (૪૬) મનીષા શેઠ (૪૭) ફાલ્ગુની શેઠ (૪૮) શિલ્પા શ્રોફ (૪૯) મિલિંદ મનુભાઈ નાનસી (૫૦) પુષ્પા સુતરીયા (૫૧) અરવિંદ કામદાર